# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-02-2025 Day: Thursday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ-ગુજરાત-કચ્છ મુલકાત:

ગુજરાતની ચાર દિવસની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે પ્રતિષ્ઠિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી અને લોખંડી પુરુષ સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધા બાદ રાષ્ટ્રપતિએ એકતા નગર ખાતે જંગલ સફારી કરી અને વિવિધ વન્યજીવોને નિહાળ્યા હતા. તેમણે કેવડિયામાં રાજ્યના સૌથી વિશાળ સરદાર સરોવર ડેમની પણ મુલાકાત લીધી. બાદમાં , રાષ્ટ્રપતિએ એકતા નગરમાં એકતા કૌશલ્ય વિકાસ કેન્દ્રની મુલાકાત લીધી અને તાલીમાર્થીઓ સાથે વાતચીત કરી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલથી બે દિવસની કચ્છની મુલાકાતે આવશે. તેઓ સૌ પ્રથમ ભુજમાં સ્મૃતિવન ભૂકંપ સ્મારકની મુલાકાત લેશે. ત્યારબાદ તેઓ સફેદ રણની ટેન્ટ સિટીમાં રાત્રિ રોકાણ કરશે. જ્યારે, પહેલી માર્ચે રાષ્ટ્રપતિ યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ ધોળાવીરાની મુલાકાત લેશે. તેઓ સફેદ રણથી ધોળાવીરા જતા 'રોડ ટુ હેવન' તરીકે જાણીતા માર્ગને પણ નિહાળશે.

---

## જીલ્લા મેજીસ્ટ્રેટ-સુરક્ષા જાહેરનામું:

જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા જારી કરાયેલ જાહેરનામાં મુજબ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુની કચ્છ મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિની સુરક્ષા અને તેમની સલામતી વ્યવસ્થાના ભાગરૂપે કાર્યક્રમ સ્થળના વિસ્તારમાં “નો ડ્રોન ફલાય ઝોન ” જાહેર કરાયો છે. જે અન્વયે કોઈપણ પ્રકારના ડ્રોન , ઈલેક્ટ્રોનિક કે અન્ય હવામાં ઉડી શકે તેવા સાધનોને આ વિસ્તારમાં ઉડ્ડયન માટે પ્રતિબંધિત જાહેર કરવામાં આવ્યા છે.

દરમિયાન, રાષ્ટ્રપતિ વૈશ્વિક ધરોહર સાઇટ ધોળાવીરાની મુલાકાત લેશે. આ અન્વયે ધોળાવીરા સાઈટ આજ થી ત્રણ દિવસ મુલાકાતીઓ તથા પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવી છે.

---

## કચ્છ-રાષ્ટ્રપતિ મુલાકાત-એજન્સીઓ સતર્ક:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની કચ્છ મુલાકાતને પગલે સુરક્ષા વ્યવસ્થા માટે તમામ તબક્કે એજન્સીઓ સતર્ક બની છે. ભુજ, ધોરડો, અને ધોળાવીરા વિસ્તારમાં પોલીસનો બંદોબસ્ત ગોઠવાયો છે. સરહદી વિસ્તારમાં બીએસએફ સહિતની એજન્સીઓ પણ સતર્ક બની છે.

દરમિયાન, આજે સવારે અબડાસા તાલુકાના દરિયાઈ કાંઠા વિસ્તારમાં એજન્સીઓ દ્વારા દરિયામાં હોવર ક્રાફ્ટ, પાણીમાં ચાલી શકે તેવી ગાડીઓ ઉતારી સુરક્ષા કવાયત કરવામાં આવી હતી. તેમજ દરિયા કાંઠે સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા સાથે સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે તૈયારી કરવામાં આવી હતી.

---

## રાજ્ય-કચ્છ-બોર્ડ પરીક્ષા પ્રારંભ:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10 અને 12ની બોર્ડની પરીક્ષાનો આજથી પ્રાંરભ થઈ ગયો છે. ધોરણ 10 અને 12ના કુલ 14 લાખ 30 હજાર વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપી રહ્યા છે. ધોરણ-10 અને ૧૨ નું પ્રથમ પેપર આજે પૂર્ણ થયું હતું. પેપર સરળ નીકળતા વિદ્યાર્થીઓ ખુશ થયા હતા. પરીક્ષા શરૂ થતાં પહેલા શિક્ષણ રાજ્યમંત્રી પ્રકુલ પાનશેરીયાએ તણાવમુક્ત થઈ પરીક્ષા આપવા વિદ્યાથીઓને સલાહ આપી હતી.

રાજ્યની સાથે કચ્છના ૫૪ પરીક્ષા કેન્દ્રો પર આજથી ધોરણ-10 અને 12ની બોર્ડની પરીક્ષાનો ઉત્સાહભેર પ્રારંભ થયો છે. વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રો પર કુમકુમ તિલક કરી આવકાર અપાયો હતો. જીલ્લામાં આજે ધો. ૧૦ માં ગુજરાતી પ્રથમ ભાષાની પરીક્ષામાં ૫૫૨ છાત્રો ગેરહાજર રહ્યા હતા.

---

## આરટીઇ-પ્રવેશ પ્રક્રિયા :

શિક્ષણના અધિકાર RTE ના કાયદાની જોગવાઇ મુજબ ધોરણ- 1માં પ્રવેશ માટે 12 માર્ચ સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકાશે . નબળા અને વંચિત પરિવારના બાળકો ખાનગી શાળામાં નિઃશુલ્ક ભણી શકે તે માટે આરટીઇ કાયદા મુજબ પ્રવેશની કામગીરી શરૂ કરવામાં આવી છે. તે માટે જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં પ્રવેશ માટે આવતીકાલથી તારીખ 12મી માર્ચ સુધી ઓનલાઇન ફોર્મ ભરવાના રહેશે. ઓનલાઇન ફોર્મની ચકાસણી કરીને શાળામાં પ્રવેશની કામગીરી શિક્ષણ વિભાગ હાથ ધરશે.

---

## કુંવરબાઈનું મામેરું યોજના-રાજ્ય, કચ્છ:

કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના ૪૩ હજારથી વધુ લાભાર્થીઓને ૪૯ કરોડ ૫૬ લાખથી વધુની સહાય ચૂકવાઈ હોવાનું સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્ય મંત્રી ભીખુસિંહ પરમારે આજે વિધાનસભા ગૃહમાં જણાવ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૧ હજાર 300થી વધુ લાભાર્થીઓને ૧૩ કરોડ ૫૧ લાખથી વધુની સહાય અપાઇ હોવાનું પણ વિધાનસભાગૃહમાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં મંત્રીએ જણાવ્યું હતું.

કચ્છ જિલ્લાના ૬૫૦ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને ૭૮ લાખ કરતા વધુની સહાય અપાઈ હોવાનો પણ તેમણે ગૃહમાં જવાબ આપ્યો હતો.

રાજ્યમાં ગરીબ પરિવારોની દિકરીઓના કલ્યાણ માટે અને આર્થિક રીતે મદદરૂપ થવાના ઉદ્દેશ સાથે "કુંવરબાઈનું મામેરું યોજના" ઘણા સમયથી કાર્યરત છે.

---

## નખત્રાણા-કેસર કેરી ઉત્પાદનની આશા:

નખત્રાણા તાલુકાના 300 તથા સ્થાનિકના 50 જેટલા બગીચામાં કેરીના વૃક્ષો પર પુષ્કળ માત્રામાં કેસર કેરીનું નોંધપાત્ર ઉત્પાદન થશે તેવી આશા ખેડૂતોમાં

બંધાઇ છે. તાલુકાના બેરુ , મોસુણા, રામપર, વ્યારા, નારણપર, ખીરસરા, રોહા, કોટડા, રોહા સહિતના ગામમાં કેરીના અનેક બગીચાઓ છે.

નોંધનીય છે કે, આ વખતે સારા હવામાનના કારણે ફાગણ મહિના પહેલા જ આંબામાં મોટી સંખ્યામાં મોર લચી રહ્યા છે. દર વખતે ફાગણ મહિનામાં આટલો ફાલ હોય છે તેમ કૃષિ નિષ્ણાતો જણાવી રહ્યા છે.

---